# NMMS – 2023-24

| કેટેગરી |
| --- |
| A |

કુલ સમય : 180 મિનિટ      પરીક્ષાનો સમય : 3 કલાક      કુલ ગુણ : 180

બેઠક નંબર : | | | | | | | |

## પરીક્ષાર્થીઓ માટે સૂચના

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. આ પેપરમાં નીચે મુજબના વિભાગો, પ્રશ્નોની સંખ્યા, સમય અને ગુણ છે.

| વિભાગ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | સમય | ગુણ |
| --- | --- | --- | --- | --- |
| 1 | માનસિક ક્ષમતા કસોટી | 1 થી 90 | 90 મિનિટ | 90 |
| 2 | શાળાકીય યોગ્યતા કસોટી | 91 થી 180 | 90 મિનિટ | 90 |
| | કુલ | **180** | **180 મિનિટ** | **180** |

2. વિભાગ- 2 માં પ્રશ્ન ક્રમાંક : 91 થી 180 શાળાકીય યોગ્યતા કસોટી (ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ સામાજિક વિજ્ઞાન) ના છે.
3. **તમામ પ્રશ્નો ફરજિયાત છે.**
4. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
5. બંને વિભાગના જવાબો એક જ OMR SHEET માં જ વિભાગવાર આપવાના રહેશે, તે બાબત ધ્યાનમાં રાખશો.
6. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
7. અનુવાદ કરેલા પ્રશ્નપત્રમાં ઉપસ્થિત થતા વિવાદની પરિસ્થિતિમાં ગુજરાતી પ્રશ્નપત્ર માન્ય ગણાશે.
8. દરેક વિદ્યાર્થીએ પોતાના પ્રશ્નપત્રની સિરીઝ (A, B, C, D અથવા E) OMR SHEET માં દર્શાવવાની રહેશે.

રફ કામ માટેનું પેઈજ

(1) નીચે પ્રશ્ન (1) થી (5)માં દર્શાવેલ સંખ્યાશ્રેણીમાં ખૂટતી સંખ્યા આપેલા વિકલ્પોમાંથી શોધો.
39, 31, 23, 15, ............

(A) 6 (B) 7
(C) 8 (D) 9

(2) 6, 7, 13, 20, 33, ............

(A) 53 (B) 46
(C) 36 (D) 96

(3) 4, 16, 64, ............ , 1024

(A) 80 (B) 128
(C) 256 (D) 512


(4) 17, 27, 47, 77, ............

(A) 87 (B) 97
(C) 107 (D) 117

(5) 23, 32, 26, ............ , 29, 40, 32, 44.


(A) 27 (B) 28
(C) 35 (D) 36

(6) નીચે પ્રશ્ન (6) થી (10)માં આપેલ આકૃતિઓમાં એક સમાન રીતે સંખ્યાઓ ગોઠવાયેલી છે. તેના આધારે (?) માં આવતી સંખ્યા વિકલ્પોમાંથી શોધો.





(A) 22 (B) 25
(C) 35 (D) 100


(7)





(A) 6 (B) 5
(C) 4 (D) 3

(8) 


(A) 63
(B) 54
(C) 45
(D) 36

(9) 


(A) 27
(B) 96
(C) 72
(D) 48

(10) 


(A) 32
(B) 37
(C) 42
(D) 47

(11) સાપુતારા : ગુજરાત : : નૈનીતાલ : ....................
(A) હિમાચલ પ્રદેશ
(B) ઉત્તર પ્રદેશ
(C) બિહાર
(D) ઉત્તરાખંડ

(12) Water : Ice : : Vapour : .......................
(A) Cold
(B) Water
(C) Liquid
(D) Freez

(13) જો SWAN ને સાંકેતિક ભાષામાં 6215 અને SENSE ને 64564 લખાય, તો NEWS માટે કયો કોડ થશે ?

(A) 5426
(B) 5462
(C) 4526
(D) 5246

(14) ચા : પાંદડા : : કોફી : ....................

(A) મૂળ
(B) બીજ
(C) ડાળી
(D) ફૂલ

(15) નીચેના પ્રશ્નો (15) થી (18) માટે આપેલા વિકલ્પોમાં બાકીનાથી અલગ પાડતો શબ્દ / વસ્તુ / સંસ્થા / સામગ્રી શોધો.

પાવો, બીન, વાંસળી, તંબુરો

(A) પાવો
(B) બીન
(C) વાંસળી
(D) તંબુરો

(16) હેક્ટર, એકર, ચોરસમીટર, કિલોમીટર

(A) હેક્ટર
(B) એકર
(C) ચોરસમીટર
(D) કિલોમીટર

(17) $(\text{લંબાઈ})^2$, (લંબાઈ x પહોળાઈ), $\frac{1}{2}$(પાયો x વેધ), (4 x લંબાઈ)

(A) $(\text{લંબાઈ})^2$
(B) લંબાઈ x પહોળાઈ
(C) $\frac{1}{2}$ (પાયો x વેધ)
(D) (4 x લંબાઈ)

(18) રતાંધણાપણું, સ્કર્વી, રંગઅંધતા, મોતીયો

(A) રતાંધણાપણું
(B) સ્કર્વી
(C) રંગઅંધતા
(D) મોતીયો

નીચેના પ્રશ્નો (19) થી (22) માંથી કઈ જોડી તેમના ગુણ પ્રમાણે ખોટી છે, તે શોધો.

(19) .................... ॥ ....................

(A) અમદાવાદ - સાબરમતી
(B) વડોદરા - વિશ્વામિત્રી
(C) રાજકોટ - ભાદર
(D) ભરૂચ - નર્મદા

(20) .................... ॥ ....................

(A) મહા - મહાશિવરાત્રી
(B) ફાગણ - હોળી
(C) ચૈત્ર - રામનવમી
(D) વૈશાખ - રક્ષાબંધન

(21) .................... ॥ ....................

(A) જયપુર - રાજસ્થાન
(B) ભોપાલ - મધ્યપ્રદેશ
(C) રાંચી - છત્તીશગઢ
(D) ચેન્નઈ - તમિલનાડુ

(22) ...................॥...................


(A) 0 - તટસ્થ સંખ્યા

(B) 1 - અવિભાજ્ય સંખ્યા

(C) 2 - બેકી સંખ્યા

(D) 3 - એકી સંખ્યા

નીચેની આકૃતિમાં ત્રિકોણ એ રમતવીર, વર્તુળ એ નૃત્યકાર અને લંબચોરસ એ સંગીતકાર સૂચવે છે. આ આકૃતિને આધારે પ્રશ્ન (23 થી 26) ના જવાબ શોધો.




(23) કોણ રમતવીરની સાથે સંગીતકાર પણ છે ?

(A) Q (B) R

(C) S (D) M

(24) કોણ સંગીતકાર છે, પણ નૃત્યકાર નથી ?

(A) S (B) Q

(C) R (D) A

(25) કોણ રમતવીર નથી અને નૃત્યકાર પણ નથી ?

(A) P (B) A

(C) R (D) M

(26) નૃત્યકાર અને રમતવીર બંને હોય, તે કોણ છે ?

(A) P (B) Q

(C) R (D) M

નીચે આપેલ પ્રશ્નો (27 થી 29)માં આપેલ સમીકરણમાં ગાણિતિક સંજ્ઞાઓ બદલી જવાથી ખોટું બને છે. આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સમીકરણ સાચું બનાવો.

(27) 56 – 4 + 12 = 8

(A) – , = , + (B) + , – , =

(C) = , – , x (D) = , x , +

(28) 200 – 20 x 15 = 150

(A) ÷ , x , = (B) x , ÷ , =

(C) ÷ , = , x (D) + , x , =

(29) 25 = 15 + 5 x 75


(A) = , ÷ , x
(B) ÷ , x , =
(C) x , ÷ , =
(D) ÷ , = , x

(30) જો એક મહિનામાં 6ઠ્ઠી તારીખે મંગળવાર હોય, તો 12મી અને 18મી તારીખે અનુક્રમે કયા વાર આવશે ?

(A) મંગળવાર, શુક્રવાર
(B) સોમવાર, રવિવાર
(C) સોમવાર, શનિવાર
(D) બુધવાર, ગુરુવાર


(31) P એ Q નો પિતા છે, પણ Q એ P નો પુત્ર નથી. તો Q નો P સાથે સંબંધ કયો હશે ?

(A) માતા
(B) પુત્રી
(C) પુત્ર
(D) પિતા

(32) 

આ આકૃતિમાં કેટલા લંબચોરસ આવેલા છે ?


(A) 10
(B) 8
(C) 7
(D) 6

(33) 

આ આકૃતિમાં કેટલા અર્ધવર્તુળ આવેલા છે ?


(A) 4
(B) 6
(C) 8
(D) 10

નીચે આપેલ પ્રશ્નો (34 થી 38)માં આપેલ આકૃતિઓમાંથી અલગ પડતી આકૃતિઓ શોધો.

(34) 


(i) (ii) (iii) (iv)

(A) આકૃતિ (i)
(B) આકૃતિ (ii)
(C) આકૃતિ (iii)
(D) આકૃતિ (iv)

(35) 


(i) (ii) (iii) (iv)


(A) આકૃતિ (i)
(B) આકૃતિ (ii)
(C) આકૃતિ (iii)
(D) આકૃતિ (iv)


(36) 


(i) (ii) (iii) (iv)


(A) આકૃતિ (i)
(B) આકૃતિ (ii)
(C) આકૃતિ (iii)
(D) આકૃતિ (iv)


(37) 



(A) 



(B) 



(C) 



(D) 

(38) 


(A) 


(B) 


(C) 


(D) 


નીચે પ્રશ્ન (39 થી 43 )માં દર્શાવેલ સંખ્યાશ્રેણીમાં ખૂટતી સંખ્યા આપેલા વિકલ્પોમાંથી શોધો ?

(39) 50, 45, 40, 35, 30, .................... ?

(A) 28
(B) 15
(C) 25
(D) 20

(40) $2, 1, \frac{1}{2}, \frac{1}{4}$, .................... ?

(A) $\frac{1}{3}$
(B) $\frac{1}{8}$
(C) $\frac{2}{8}$
(D) $\frac{1}{16}$

(41) 7, 10, 8, 11, 9, 12, .................... ?

(A) 7
(B) 10
(C) 12
(D) 13

(42) 36, 34, 30, 28, 24, .................... ?

(A) 20
(B) 22
(C) 23
(D) 26

(43) 53, 53 40, 40, 27, 27, .................... ?

(A) 12
(B) 14
(C) 27
(D) 53

નીચે પ્રશ્ન (44 થી 46) માં ખૂટતા મૂળાક્ષરો શોધો.

(44) B, E, I, N, T, .................... ?

(A) X
(B) R
(C) Z
(D) A

(45) T, R, P, N, L, ?, ?

(A) J, G
(B) J, H
(C) K, H
(D) K, I

(46) AZ, CX, FU, ...................... ?

(A) IR
(B) IV
(C) JQ
(D) KP

(47) નીચેનામાંથી કોણ બીજા બધાંથી જુદુ છે ?

(A) કેલેન્ડર
(B) વર્ષ
(C) માસ
(D) તારીખ

(48) નીચેનામાંથી કોણ બીજા બધાંથી જુદુ છે ?

(A) 20, 16, 18
(B) 18, 14, 16
(C) 16, 12, 14
(D) 14, 11, 13

(49) નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો સંબંધ શોધો.

નદી : બંધ : : ટ્રાફિક : ..................

(A) પોલીસ
(B) વાહન
(C) સિગ્નલ
(D) ધૂમાડો

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો સંબંધ શોધો.

(50) એરોપ્લેન : કોકપીટ : : ટ્રેઇન : ..............

(A) ડબ્બા
(B) ગાર્ડ
(C) એન્જિન
(D) મુસાફર


(51) રામાયણ : વાલ્મીકિ : : મહાભારત : ................

(A) વેદ વ્યાસ
(B) શ્રીકૃષ્ણ
(C) ગીતા
(D) યુદ્ધ


(52)

| | | |
|---|---|---|
| 1 | 3 | 2 |
| 8 | 6 | 7 |
| 9 | 5 | ? |
| 72 | 90 | 56 |


(A) 22
(B) 37
(C) 4
(D) 15

(53)




(A) 81
(B) 64
(C) 32
(D) 20

(54)



(A) 71
(B) 59
(C) 62
(D) 55

(55)



(A) 12
(B) 10
(C) 6
(D) 9

(56) 


(A) 114
(B) 142
(C) 158
(D) 198

(57) કેપીટલ અક્ષરોમાં એક શબ્દ (અંગ્રેજી ભાષામાં) આપ્યો છે. તેની નીચે ચાર શબ્દો ઉત્તર સ્વરૂપે આપેલા છે. તેમાંથી માત્ર એક જ શબ્દ આપેલા શબ્દનાં અક્ષરોમાંથી/મૂળાક્ષરોમાંથી બનતો નથી. આ શબ્દ શોધો.


INTEGRAL

(A) ENTREATY
(B) TRIANGLE
(C) RELATING
(D) ALERTING

(58) શબ્દ LINEAR માંથી નીચેનામાંથી કયો શબ્દ બનાવી શકાશે નહીં ?

(A) EAR
(B) NEAT
(C) LINE
(D) NEAR

(59) આ આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણ છે ?



(A) 5
(B) 6
(C) 8
(D) 10

(60) નીચે આપેલા શબ્દના અંગ્રેજી મૂળાક્ષરોને તેમના મૂળાક્ષરોના ક્રમ પ્રમાણેની ગોઠવણીનો સાચો ક્રમ લખો.

PARENT

(A) AEPNRT
(B) AENPRT
(C) AENRPT
(D) AETNRP

(61) નીચે આપેલા શબ્દના અંગ્રેજી મૂળાક્ષરોને તેમના મૂળાક્ષરોના ક્રમ પ્રમાણેની ગોઠવણીનો સાચો ક્રમ લખો.

TABLET

(A) ABLETT
(B) ABTELT
(C) ABELTT
(D) ABLTTE

(62) નીચે આપેલા શબ્દના અંગ્રેજી મૂળાક્ષરોને તેમના મૂળાક્ષરોના ક્રમ પ્રમાણેની ગોઠવણીનો સાચો ક્રમ લખો.
EXAMINATION
(A) AAEIIMNNOTX (B) AAEIINNMOTX
(C) AAEIIONNMTX (D) AAEIIMONNTX

(63) અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવો.
1. ગુંદર 2. કાગળ
3. લાકડીનો ભારો 4. વન
(A) 4, 3, 1, 2 (B) 1, 3, 4, 2
(C) 2, 3, 4, 1 (D) 4, 2, 3, 1

(64) અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવો.
1. સમુદ્ર 2. નદી
3. ઝરણું 4. હિમનદી
(A) 1, 2, 3, 4 (B) 4, 3, 2, 1
(C) 3, 4, 2, 1 (D) 2, 3, 4, 1

(65) અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવો.
1. છત 2. દિવાલ
3. બારી 4. પાયો
(A) 1, 2, 3, 4 (B) 4, 3, 2, 1
(C) 4, 2, 3, 1 (D) 3, 2, 4, 1

(66) આપેલ વિકલ્પોમાંથી અલગ પડતો વિકલ્પ શોધો.
(A) દુહા (B) પદ
(C) સોનેટ (D) ભજન

(67) આપેલ વિકલ્પોમાંથી અલગ પડતો વિકલ્પ શોધો.
(A) દીવ (B) દમણ
(C) ગોવા (D) પોંડિચેરી

(68) આપેલ વિકલ્પોમાંથી અલગ પડતો વિકલ્પ શોધો.
(A) સમબાજુ ચતુષ્કોણ (B) સમાંતરબાજુ ચતુષ્કોણ
(C) પતંગાકાર ચતુષ્કોણ (D) ચોરસ

(69) એસિડ : ખાટો સ્વાદ : : બેઇઝ : .......?.......
(A) મીઠો સ્વાદ (B) તૂરો સ્વાદ
(C) તીખો સ્વાદ (D) ખારો સ્વાદ

(70) જો ANT = 179 અને DOG = 405 તો GOAT = ........?..........
(A) 0159 (B) 5109
(C) 5019 (D) 1905

(71) જો TASK = 3147 અને FLAME = 25168 તો FLASK = ........?.........

(A) 25417
(B) 25714
(C) 25174
(D) 25147

પ્રશ્ન 72 થી 75 ના વિકલ્પોને તાર્કિક રીતે ચઢતા ક્રમમાં ગોઠવો.

(72) 1. ઈંડું
2. ઈયળ
3. કોશેટો
4. પતંગિયું
(પતંગિયાના જીવનચક્ર મુજબ)

(A) 1 - 2 - 3 - 4
(B) 4 - 3 - 2 - 1
(C) 1 - 3 - 2 - 4
(D) 4 - 1 - 2 - 3

(73) 1. તિરુવનંતપુરમ
2. બૅંગલુરુ
3. પુના
4. મુંબઈ
(અમદાવાદથી તેમના અંતર મુજબ)

(A) 1 - 2 - 3 - 4
(B) 4 - 3 - 2 - 1
(C) 1 - 3 - 4 - 2
(D) 1 - 3 - 2 - 4


(74) 1. ઑક્સિજન
2. કાર્બન ડાયોક્સાઈડ
3. નાઈટ્રોજન
4. એમોનિયા
(હવામાં તેના પ્રમાણ મુજબ)




(A) 1 - 2 - 3 - 4
(B) 3 - 2 - 1 - 4
(C) 4 - 3 - 2 - 1
(D) 4 - 2 - 1 - 3


(75) 1. ગિરનાર
2. ચોટીલા
3. પાવાગઢ
4. કાળોડુંગર
(ડુંગરની ઊંચાઈ મુજબ)


(A) 2 - 4 - 3 - 1
(B) 1 - 3 - 2 - 4
(C) 1 - 2 - 4 - 3
(D) 2 - 3 - 4 - 1


નીચે પ્રશ્ન નંબર (76 થી 78) આકૃતિઓ કોઈ ચોક્કસ પેટર્નને અનુસરે છે. આગળથી પેટર્નમાં ? ને જગ્યાએ યોગ્ય વિકલ્પ પસંદ કરો.


(76) 


(A) 
(B) 
(C) 
(D) 


(77) 



(A) 

(B) 

(C) 


(D) 

(78) 



(A) 


(B) 


(C) 


(D) 


(79) નીચેની આકૃતિ માટે અરીસામાં જોવા મળતાં પ્રતિબિંબ માટે વિકલ્પ આપેલા છે. આપેલ વિકલ્પમાંથી આકૃતિનું સાચું પ્રતિબિંબ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.




(A) 


(B) 


(C) 


(D) 


(80) નીચેની આકૃતિ માટે અરીસામાં જોવા મળતાં પ્રતિબિંબ માટે વિકલ્પ આપેલા છે. આપેલ વિકલ્પમાંથી આકૃતિનું સાચું પ્રતિબિંબ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.




(A) 


(B) 


(C) 


(D) 


(81) નીચેની આકૃતિ માટે અરીસામાં જોવા મળતાં પ્રતિબિંબ માટે વિકલ્પ આપેલા છે. આપેલ વિકલ્પમાંથી આકૃતિનું સાચું પ્રતિબિંબ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.



(A) 

(B) 

(C) 

(D) 

(82) રાજનના પિતાની ઉંમર રાજનની ઉંમરની 4 ગણી છે. રાજન 10 વર્ષનો છે. 5 વર્ષ પહેલા રાજનના પિતાની ઉંમર રાજનની ઉંમરની કેટલા ગણી હશે ?

(A) 4 ગણી
(B) 5 ગણી
(C) 7 ગણી
(D) 10 ગણી

(83) પરમ પૂર્વ દિશામાં 5 મિનિટ સીધો ચાલે છે. પછી તે જમણા હાથે વળીને બીજી 5 મિનિટ ચાલે છે. પછી મૂળ રસ્તે પાછો ફરે છે. હવે 2 મિનિટ પછી તે કઈ દિશામાં ચાલતો હશે ?

(A) ઉત્તર
(B) દક્ષિણ
(C) પૂર્વ
(D) પશ્ચિમ

(84) ક્રિકેટ ટીમના 15 ખેલાડીઓ મેદાનમાં એક હરોળમાં ઊભા છે. આગળથી 5મા ક્રમે ઊભેલા વિરાટનો પાછળથી ગણતા કેટલામો ક્રમ થશે ?

(A) 12 (B) 11

(C) 10 (D) 9

(85) તમે એક બેન્ચની સામે ઊભા છો. જય, વિજય, અજય અને સુજય તે બેન્ચ પર બેઠા છે. અજય અને સુજય પાસ પાસે બેઠા છે. વિજય જય કે અજયની બાજુમાં નથી. જય બેન્ચના જમણા છેડે બેઠો છે. તો ચારેયનો બેન્ચ પર બેસવાનો ક્રમ જણાવો.

(A) જય - વિજય - અજય - સુજય

(B) જય - સુજય - વિજય - અજય

(C) જય - અજય - સુજય - વિજય

(D) જય - અજય - વિજય - સુજય

(86) વિદ્યાર્થીઓની એક લાઇનમાં જૈવલ બરાબર મધ્યાં છે. જો તે આગળથી નવમાં ક્રમે હોય તો તેની પાછળ કેટલા વિદ્યાર્થીઓ ઊભા હશે ?

(A) 8 (B) 7

(C) 9 (D) 6

(87) એક કરોડમાં કેટલા દસ હજાર હોય છે ?

(A) 10 (B) 100

(C) 1000 (D) 10000

(88) 4.5 કલાકની મિનિટ કેટલી થાય ?

(A) 240 (B) 275

(C) 280 (D) 270

(89) આવતી કાલ પછીના દિવસે શુક્રવાર હોય તો ગઈકાલે કયો વાર હતો ?

(A) બુધવાર (B) સોમવાર

(C) મંગળવાર (D) શનિવાર

(90) કોઈ એક સંખ્યાના 30 ટકાના 30 ટકા જો 54 હોય, તો તે સંખ્યા કઈ હશે ?

(A) 900 (B) 800

(C) 700 (D) 600

(91) નીચેનામાંથી કયો વિકલ્પ તાપમાનનો સૌથી વધુ વધારો સૂચવે છે ?

(A) $24^0$ થી $33^0$ (B) $-10^0$ થી $+1^0$

(C) $-19^0$ થી $-12^0$ (D) $-4^0$ થી $4^0$

(92) $110^0$ ના પૂરકકોણનો કોટિકોણ કેટલો થાય ?

(A) $70^0$ (B) $20^0$

(C) $90^0$ (D) $180^0$

(93) એક પેનની વેચાણકિંમત રૂા. 70 છે. જો દુકાનદારે તેના ઉપર 40% નફો મેળવવો હોય તો પેનની પડતરકિંમત કેટલી હશે ?

(A) રૂા. 30
(B) રૂા. 40
(C) રૂા. 50
(D) રૂા. 75

(94) સમાંતરબાજુ ચતુષ્કોણના ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર કયું થશે ?

(A) $\frac{1}{2}$ bh
(B) $2\pi r$
(C) bh
(D) $\pi r^2$

(95) $54 = 5.4 \times 10^1$ તો $5400 = 5.4 \times$ .........?........... ? માં શું આવશે ?

(A) $10^3$
(B) $10^4$
(C) $10^2$
(D) 10

(96) $(4^4 \times 4^2)^{\frac{1}{2}}$ માટે નીચે પૈકી શું સાચું થશે ?

(A) $\frac{1}{4^3}$
(B) $4^{-3}$
(C) $4^3$
(D) $4^2$

(97) 3 સેમી x 3 સેમી x 3 સેમી માપવાળા ત્રણ સમઘનને બાજુ-બાજુમાં ગોઠવતાં બનતા ઘનાકારનું માપ શું થશે ?

(A) 9 સેમી x 3 સેમી x 3 સેમી
(B) 6 સેમી x 6 સેમી x 6 સેમી
(C) 3 સેમી x 6 સેમી x 9 સેમી
(D) 9 સેમી x 12 સેમી x 6 સેમી

(98) 4, 12 અને 15 વડે નિઃશેષ ભાગી શકાય તેવી નાનામાં નાની પૂર્ણવર્ગ સંખ્યા કઈ થશે ?

(A) 400
(B) 900
(C) 1600
(D) 720


(99) $-\frac{4}{20}$ ની વ્યસ્ત સંખ્યા કઈ છે ?

(A) 5
(B) $\frac{20}{4}$
(C) $-\frac{20}{4}$
(D) $-4$

(100) એક થેલીમાં 4 લાલ દડા અને 4 લીલા દડા છે. જો યાદચ્છિક રીતે થેલીમાંથી એક દડો પસંદ કરવામાં આવે તો તે લાલ રંગનો દડો હોવાની સંભાવના કેટલી ?

(A) $\frac{1}{4}$
(B) $\frac{1}{8}$
(C) $\frac{1}{2}$
(D) 4

(101) નીચેની આકૃતિનું અવલોકન કરી આકૃતિને અનુરૂપ જવાબ પસંદ કરો.




(A) $2\times\frac{1}{4}$

(B) $2\times\frac{2}{4}$

(C) $2\times\frac{3}{4}$

(D) $\frac{1}{4}$

(102) જો A||B હોય તો નીચેની આકૃતિમાં $x$ નું મૂલ્ય શોધો.




(A) $45^0$

(B) $40^0$

(C) $120^0$

(D) $50^0$

(103) અઠવાડિયામાં ઐતિહાસિક સ્થળની મુલાકાત લેતા પ્રવાસીઓની સંખ્યા નીચેના કોષ્ટકમાં દર્શાવી છે.

| વાર | પ્રવાસીઓની સંખ્યા |
|---|---|
| સોમવાર | 65 |
| મંગળવાર | 72 |
| બુધવાર | 98 |
| ગુરૂવાર | 84 |
| શુક્રવાર | 60 |
| શનિવાર | 108 |

સોમવારે અને શુક્રવારે મુલાકાત લેતા પ્રવાસીઓની સરાસરી શું હશે ?

(A) 63

(B) 63.5

(C) 62

(D) 62.5

(104) $x$ ના ચાર ગણા અને 14 નો સરવાળો 42 છે. આ વિધાનને સમીકરણ સ્વરૂપે લખો.

(A) $4x + 14 = 42$

(B) $4x - 14 = 42$

(C) $16x + 14 = 42$

(D) ઉપરના પૈકી એકપણ નહીં

(105) 21 cm ત્રિજ્યાવાળી વર્તુળાકાર તકતીનો પરિઘ કેટલો થાય ? ( $\pi = \frac{22}{7}$ )

(A) 132 cm

(B) 123 cm

(C) 142 cm

(D) 112 cm


(106) એકવાર 1 લિટર પેટ્રોલ વડે 18 કિ.મી. અંતર કાપે છે તો તે કાર $3\frac{2}{3}$ લીટર પેટ્રોલ વડે કેટલું અંતર કાપશે ?

(A) 54 કિ.મી. (B) 66 કિ.મી.
(C) 74 કિ.મી. (D) 76 કિ.મી.

(107) 10, 16, 12, 14, 18, 13, 15, 11, 16 આ માહિતીનોમધ્યસ્થ શોધો.

(A) 14 (B) 15
(C) 16 (D) 18

(108) આપેલ આકૃતિમાં બાહ્ય યુગ્મકોણોની જોડી કઈ કઈ છે ?




(A) ∠C, ∠D અને ∠E, ∠F (B) ∠A, ∠B અને ∠G, ∠H
(C) ∠A, ∠H અને ∠B, ∠G (D) ∠C, ∠F અને ∠D, ∠G

(109) એક ઝાડની ઊંચાઈ 18 મીટર છે. તે પાંચ મીટરની ઊંચાઈથી તૂટીને જમીન પર પડે છે તો ઝાડના થડથી તૂટેલ છેડો કેટલા અંતર પર હશે ?

(A) 5 મીટર (B) 12 મીટર
(C) 13 મીટર (D) 18 મીટર

(110) કિંમત શોધો : $\frac{-9}{13} \div \frac{(-7)}{11}$

(A) $-\frac{99}{91}$ (B) $-\frac{91}{99}$
(C) $\frac{91}{99}$ (D) $\frac{99}{91}$

(111) વર્ગખંડમાં એક ચોરસ અને એક લંબચોરસ કાળું પાટીયું છે. બન્નેના ક્ષેત્રફળ સરખા છે. જો ચોરસ કાળા પાટીયાની બાજુનું માપ 60 સેમી હોય અને લંબચોરસ કાળા પાટીયાની લંબાઈ 90 સેમી હોય તો લંબચોરસ કાળા પાટીયાની પહોળાઈ કેટલી થાય ?

(A) 40 સેમી (B) 45 સેમી
(C) 50 સેમી (D) 60 સેમી

(112) 5 સેમી ત્રિજ્યા ધરાવતા અર્ધવર્તુળની વ્યાસ સહિત પરિમિતી શોધો. ($\pi = 3.14$)

(A) 10.7 સેમી
(B) 15.7 સેમી
(C) 20.7 સેમી
(D) 25.7 સેમી

(113) ઉકેલ શોધો : $4x - 3(x - 5) = 3(2x - 2)$

(A) $\frac{2}{21}$
(B) $\frac{4}{21}$
(C) $\frac{5}{21}$
(D) $\frac{8}{21}$

(114) એક શાળાના ધોરણ 10ના વિદ્યાર્થીઓ સાથે મળીને રૂા. 2601 વાવાઝોડા અસરગ્રસ્ત માટે મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન આપે છે. વર્ગમાં જેટલી સંખ્યા છે તેટલા રૂપિયા પ્રત્યેક વિદ્યાર્થીએ ફાળો લબાવ્યો છે તો વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ હશે ?

(A) 49
(B) 51
(C) 59
(D) 61

(115) 10 છોકરીઓની ઊંચાઈ સે.મી.માં નીચે પ્રમાણે છે. આ માહિતીનો વિસ્તાર કેટલો છે ? 135, 150, 139, 128, 151, 132, 146, 149, 143, 141


(A) 146
(B) 23
(C) 32
(D)151

(116) એક રેડિયો રીપેરીંગની દુકાનમાં 32 રેડિયોમાંથી 8 રેડિયો ખરાબ છે. તો કેટલા ટકા રેડિયો ખરાબ છે ?

(A) 25%
(B) 20%
(C) 50%
(D) 15%

(117) નીચેનામાંથી કયા આકારને રૈખિક સંમિતિ અને પરિભ્રમણીય સમિતિ બંને સંમિતિ છે.

(A) C
(B) A
(C) S
(D) H

(118)  ને કેટલી ધાર, ફલક અને શિરોબિંદુ છે.

(A) 9, 9, 16
(B) 9, 10, 16
(C) 16, 9, 9
(D) 8, 10, 9

(119) $\frac{3}{7} + \left(\frac{-6}{11}\right) + \left(\frac{-8}{21}\right) + \frac{5}{22} = \left[\frac{3}{7} + \left(\frac{-8}{21}\right)\right] + \left[\left(\frac{-6}{11}\right) + \frac{5}{22}\right]$ માં કયા ગુણધર્મનો ઉપયોગ કરેલ છે.

(A) જૂથના ગુણધર્મનો
(B) ક્રમના અને જૂથના ગુણધર્મનો
(C) ક્રમના ગુણધર્મનો
(D) વિભાજનના ગુણધર્મનો

(120) $\sqrt{40.96}$ = ..............

(A) 4.6
(B) 6.4
(C) 5.6
(D) 6.6

(121) મનુષ્યના શરીરની સૌથી મોટી ગ્રંથી .................... નો સ્ત્રાવ કરે છે.

(A) પિત્તરસ
(B) લાળરસ
(C) સ્વાદુરસ
(D) જઠરરસ

(122) કીડીના ડંખમાં કયો એસિડ હોય છે.

(A) ફોર્મિક એસિડ
(B) સાઇટ્રિક એસિડ
(C) લેક્ટિક એસિડ
(D) એસેટિક એસિડ

(123) .................... ઓક્સિજનયુક્ત રુધિરને ફેફસામાંથી હૃદય સુધી પહોંચાડે છે.

(A) ફુપ્ફુસીય ધમની
(B) શિરા
(C) ધમની
(D) ફુપ્ફુસીય શિરા

(124) ફ્યુઝ વિદ્યુતપ્રવાહની ................ અસર પર કાર્ય કરે છે.

(A) ચુંબકીય
(B) રાસાયણિક
(C) ગુરુત્વાકર્ષી
(D) ઉષ્મીય

(125) સુગંધિત દ્રવ્યો (પરફ્યુમમ્સ) બનાવવા માટે ............... નો ઉપયોગ થાય છે.

(A) કોક
(B) કોલગેસ
(C) કોલટાર
(D) બિટુમીન

(126) બાળતણના દહનથી ઉત્પન્ન થતી ઉષ્મા ઊર્જાના આધારે સાચો ચડતોક્રમ જણાવો.

(A) પેટ્રોલ → હાઈડ્રોજન → છાણાં → લાકડું
(B) હાઈડ્રોજન → પેટ્રોલ → છાણાં → લાકડું
(C) લાકડું → છાણાં → હાઈડ્રોજન → પેટ્રોલ
(D) છાણાં → લાકડું → પેટ્રોલ → હાઈડ્રોજન

(127) નીચેનામાંથી કોનું જ્વલબિંદુ સૌથી નીચુ છે?

(A) લાકડુ
(B) કાગળનો કપ
(C) પાણી ભરેલ કાગળનો કપ
(D) કાપડ

(128) તપેલીમાં રહેલી "ચા" ઉષ્માપ્રસરણની કઈ રીતથી ગરમ થાય છે?

(A) ઉષ્માવહન
(B) ઉષ્મીયવિકિરણ
(C) ઉષ્મા આવરણ
(D) ઉષ્માનયન

(129) નીચેનામાંથી ક્લિનીકલ થર્મોમીટર માટે કયું વિધાન ખોટું છે ?

વિધાન - 1 : મનુષ્યના શરીરના તાપમાન માટે વપરાય છે.

વિધાન - 2 : મનુષ્યના શરીરના સંપર્કથી દૂર થતાં થર્મોમીટરમાં પારાની સપાટી નીચી આવે છે.

વિધાન - 3 : તે $35^0 C$ થી $42^0 C$ તાપમાનના ગાળાનું માપન કરે છે.

(A) વિધાન - 1
(B) વિધાન - 1 અને 3
(C) વિધાન - 2
(D) વિધાન - 3

(130) અમિતની મમ્મી તેના સફેદ શર્ટ પર પહેલા હળદરના ડાઘને સાબુના પાણીથી ધોવે છે તો કયા રંગના ધબ્બા જોવા મળશે ?

(A) જાંબલી
(B) કાળા
(C) લીલા
(D) લાલ

(131) દેવાંશી દોડની સ્પર્ધામાં થોડું અંતર કાપ્યા બાદ પગના સ્નાયુઓ ખેંચાણ અનુભવે છે. આવું શાથી થાય છે ?

(A) સ્નાયુઓમાં જારક શ્વસન થાય છે.

(B) શરીરમાં આલ્કોહોલનું પ્રમાણ વધવાથી

(C) લેક્ટિક એસિડ ઉત્પન્ન થાય છે.

(D) દોડવાથી શરીરમાં વધારે $CO_2$ બને છે.

(132) વનસ્પતિમાં થતી બાષ્પોત્સર્જનની ક્રિયામાં મારો રોલ મહત્ત્વનો છે, બોલો હું કોણ ?

(A) મૂળરોમ
(B) પર્ણરંધ્ર
(C) પ્રકાંડ
(D) રસાંકુરો

(133) દોરીની લંબાઈ 1 મીટર લઈને બનાવેલ લોલકને 20 દોલનો પૂર્ણ કરતાં 42 સેકન્ડ લાગે છે, તો તેનો આવર્તકાળ કેટલો થશે ?

(A) 1.1 સેકન્ડ

(B) 2.1 સેકન્ડ

(C) 3.1 સેકન્ડ

(D) 4.1 સેકન્ડ

(134) કાન, નાક, ગળાના ડૉક્ટર દર્દીની તપાસમાં શાનો ઉપયોગ કરે છે ?

(A) બહિર્ગોળ લેન્સ

(B) બહિર્ગોળ અરીસો

(C) સમતલ અરીસો

(D) અંતર્ગોળ અરીસો

(135) વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પ્રદૂષિત પાણી પર સૌ પ્રથમ કઈ પ્રક્રિયા કરવામાં આવે છે ?

(A) પાણીમાં હવા ઉમેરવામાં આવે છે.

(B) ક્લોરિન વાયુ પસાર કરવામાં આવે છે.

(C) બાર સ્ક્રીનમાંથી પસાર કરવામાં આવે છે.

(D) મોટા ટાંકામાં લાવવામાં આવે છે.

(136) પશુઓમાં થતો અંગારિયો રોગ કયા સૂક્ષ્મજીવને કારણે થાય છે ?

(A) ફૂગ
(B) બેક્ટેરિયા
(C) વાઈરસ
(D) પ્રજીવ

(137) ભારતમાં વાહન ચલાવતી વખતે પેટ્રોલ તેમજ ડીઝલની બચત કેમ કરવી તેની સલાહ આપતી સંસ્થા કઈ છે ?

(A) ONGC
(B) NTPC
(C) OPEC
(D) PCRA

(138) આપણા પાચનમાર્ગના કયા અંગમાં રસાંકુરો હોય છે ?

(A) જઠર
(B) નાનું આંતરડું
(C) મોટું આંતરડું
(D) મળાશય

(139) જે વનસ્પતિઓ બીજી વનસ્પતિઓ દ્વારા બનવાયેલ ખોરાક પર નભે છે તેને શું કહેવાય ?

(A) યજમાન
(B) મૃતોપજીવી
(C) સ્વાવલંબી
(D) પરાવલંબી

(140) હવામાં પાણીની વરાળના માપનને શું કહે છે ?

(A) તાપમાન
(B) વરસાદ
(C) ભેજ
(D) આબોહવા

(141) ઘઉં અને ચણા જેવા ધાન્યો માટે કઈ ભૂમી યોગ્ય ગણાય ?

(A) રેતાળ ભૂમી
(B) ચીકણી ભૂમી
(C) ગોરાડુ ભૂમી
(D) ચીકણી અને ગોરાડુ ભૂમી

(142) કયો લેન્સ અને અરીસો હંમેશા ચત્તુ, આભાસી અને વસ્તુના પરિમાણ કરતા નાનું પ્રતિબિંબ રચે છે ?

(A) અંતર્ગોળ લેન્સ અને બહિર્ગોળ અરીસો
(B) અંતર્ગોળ લેન્સ અને અંતર્ગોળ અરીસો
(C) બહિર્ગોળ લેન્સ અને બહિર્ગોળ અરીસો
(D) બહિર્ગોળ લેન્સ અને અંતર્ગોળ અરીસો

(143) ઉપાના ઘરની શાળા સુધીનું અંતર 120 કિ.મી. છે. તેને બસમાં ઘરથી શાળા સુધી પહોંચતા 2 કલાક લાગે છે. તો બસની ઝડપ શોધો.

(A) 60 કિમી/કલાક
(B) 30 કિમી/કલાક
(C) 40 કિમી/કલાક
(D) 20 કિમી/કલાક

(144) કયા સજીવમાં અંતઃફલન થતું નથી ?

(A) મનુષ્ય
(B) ગાય
(C) માછલી
(D) મરઘી

(145) હું પાચનમાર્ગનો સૌથી પહેલો ભાગ છું.

(A) નાનું આંતરડું
(B) મોટું આંતરડું
(C) સ્વાદુપિંડ
(D) જઠર

(146) નીચેનામાંથી વનસ્પતિનું પ્રજનન અંગ કયું છે ?

(A) પ્રકાંડ (B) મૂળ

(C) પુષ્પ (D) પર્ણ

(147) પદાર્થમાં રહેલો ખાટો સ્વાદ તેમાં રહેલા .............. ને કારણે હોય છે.

(A) બેઇઝ (B) પાણી

(C) ક્ષાર (D) એસિડ

(148) નીચેની પ્રક્રિયા પૂર્ણ કરો. હાઈડ્રોક્લોરિક એસિડ + .............. → સોડિયમ ક્લોરાઈડ + પાણી

(A) સોડિયમ બાયકાર્બોનેટ

(B) સોડિયમ હાઈડ્રોક્સાઈડ

(C) કેલ્શિયમ કાર્બોનેટ

(D) કેલ્શિયમ ક્લોરાઈડ

(149) કાગળની પટ્ટી પર ફૂંક મારતા પટ્ટી પરના ................ માં ઘટાડો થાય છે.

(A) વેગ (B) ઝડપ

(C) પ્રવેગ (D) દબાણ

(150) ભાવિનની ઉંમર 25 વર્ષની છે. તો તેનો એક મિનિટમાં "નાડી દર" આશરે કેટલો હશે.

(A) 70 થી 80 (B) 72 થી 80

(C) 71 થી 80 (D) 74 થી 80

(151) નીચેના પૈકી કઈ જોડ સુસંગત નથી ?

(A) સર્વ સુલભ સંસાધન - ઑક્સિજન

(B) સામાન્ય સુલભ સંસાધન - ખનિજતેલ

(C) વિરલ સંસાધન - યુરેનિયમ

(D) એકલ સંસાધન - ક્રાયોલાઇટ ખનિજ

(152) ગુજરાતમાં ઊર્જાના બિનપરંપરાગત સ્રોત દ્વારા ઊર્જા મેળવતા સ્થળના નામમાંથી અયોગ્ય નામ જણાવો.

(A) સૌર શીતાગાર - છાણી

(B) વિન્ડ ફાર્મ- માંડવી

(C) બાયોગેસ પ્લાન્ટ - રુદાતલ

(D) ગરમ પાણીના ઝરા - દાંતીવાડા

(153) ગુજરાતનો કયો પ્રદેશ લાંબા તારના કપાસના ઉત્પાદન માટે જાણીતો છે ?

(A) ભાલ પ્રદેશ

(B) ચરોતર પ્રદેશ

(C) કાનમ પ્રદેશ

(D) ઉપરોક્તમાંથી એક પણ નહિ

(154) નીચે આપેલ દિલ્લી સલ્તનતના શાસકોનો શાસનકાળ આપેલ છે. આ સુલતાનોના શાસનકાળની સાચી જોડી પસંદ કરો.

| (અ) | (બ) |
|---|---|
| A. સૈયદ વંશ | 1. ઈ.સ. 1320 - ઈ.સ. 1414 |
| B. ગુલામ વંશ | 2. ઈ.સ. 1290 - ઈ.સ. 1320 |
| C. ખલજી વંશ | 3. ઈ.સ. 1414 - ઈ.સ. 1451 |
| D. તુગલક વંશ | 4. ઈ.સ. 1206 - ઈ.સ. 1290 |

(A) A-4, B-2, C-3, D-1
(B) A-3, B-2, C-1, D-4
(C) A-3, B-4, C-2, D-1
(D) A-2, B-3, C-4, D-2

(155) ભારતીય ઐતિહાસિક વારસામાંથી નીચે જણાવેલ કયા વારસાનો શિલ્પસ્થાપત્ય વારસામાં સમાવેશ થતો નથી ?
(A) કુતુબમિનાર
(B) કિર્તિસ્તંભ
(C) પાટણનાં પટોળાં
(D) ભદ્રનો કિલ્લો

(156) તમારા ગામમાં ભૂમિ પ્રદૂષણ ઘટાડવા તમારે શું ન કરવું જોઈએ ?
(A) જૈવિક અને દેશી ખાતરનો ઉપયોગ વધારે કરવો.
(B) ખેતીમાં ટપક અને ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો.
(C) પ્લાસ્ટિક અને ધન કચરો રીસાઈકલિંગ કરી પુનઃ ઉપયોગ કરવો.
(D) જંતુનાશક દવાઓનો વધુમાં વધુ ઉપયોગ કરી કીટાંણુંનો નાશ કરવો.

(157) ઈશિતા ભારતના ઠંડા રણના પ્રવાસે જવાની છે. તો તે કયા પ્રદેશમાં પ્રવાસે મુલાકાતે જવાની હશે ?
(A) લદાખ
(B) કાશ્મીર
(C) સફેદ રણ
(D) હિમાચલ

(158) સલ્તનત શાસનકાળમાં 40 તુર્કી અમીરોના દળની રચના કયા નામે ઓળખવામાં આવે છે.
(A) મનસબદારી
(B) જાગીદાર
(C) સામંત શાહિ
(D) ચેહલગાન

(159) ગુજરાતી કયા આદિકવિના પ્રભાતિયાં જાણીતા છે ?
(A) નરસિંહ મહેતા
(B) તુકારામ
(C) મીરાંબાઈ
(D) શામાળીયા લાલ

(160) જ્યોતિએ સોલંકીવંશના શાસકોની યાદી તૈયાર કરી છે. તે યાદીઓમાંથી કઈ યાદી સાચી છે ?
(A) મૂળરાજ, કૃષ્ણરાજ, પુલકેશી પ્રથમ, અર્જુનદેવ
(B) સિદ્ધરાજ જયસિંહ, અર્ણોરાજ, સોમેશ્વર, કુમારપાળ
(C) મૂળરાજ, ભીમદેવ (પ્રથમ), સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ
(D) ભીમદેવ (પ્રથમ), ભીમદેવ (બીજો) અજયપાળ, ગોવિંદચંદ્ર

(161) મુઘલ સામ્રાજ્ય સમયની રાજ્યવ્યવસ્થા સંદર્ભે આપવામાં આવેલ જોડી પૈકી કઈ જોડ સાચી નથી ?
(A) મહેસૂલી વ્યવસ્થાનો વડો - વજીર
(B) જાગીરનો વડો અધિકારી - વાકિયાનવીસ
(C) સેનાનો વડો - મીરબક્ષ
(D) ન્યાય વ્યવસ્થાનો વડો - કાઝી

(162) કોણાર્કના સૂર્યમંદિર સંદર્ભે આપેલ વિગતો પૈકી કઈ વિગત સાચી છે ?

1. મંદિરનું નિર્માણ 13મી સદીમાં થયું હતું.

2. આ મંદિર કર્ણાટકમાં આવેલું છે.

3. ગંગવંશના રાજા નરસિંહવર્મન પ્રથમના સમયમાં મંદિરનું નિર્માણ થયું હતું.

4. આ રથ મંદિરમાં 14 વિશાળ પૈડાં છે.

(A) માત્ર 3 અને 4 (B) માત્ર 1 અને 4

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3

(163) લેખક અને તેમની રચના સંદર્ભે આપવામાં આવેલ જોડ પૈકી કઈ જોડ સાચી છે ?

(A) તુલસીદાસ → વિનયપત્રિકા

(B) કબીર → દાસબોધ

(C) તુકારામ → દાણલીલા

(D) મીરાંબાઈ → સુદામા ચરિત્ર

(164) મહાસાગરના કવચને .............. કહેવામાં આવે છે ?

(A) નિર્ફ (B) સિર્સ

(C) સિયાલ (D) સિમા

(165) આયનાવરણ અને બાહ્યાવરણ જેવા બે પેટા વિભાગોમાં વહેંચાયેલ આવરણ એટલે ?

(A) ઉષ્માવરણ

(B) મધ્યાવરણ

(C) સમતાપ આવરણ

(D) ક્ષોભ - આવરણ

(166) સાગ, સાલ, લીમડો, સીસમ વગેરે જેવી કઠણ અને ઈમારતી લાકડું આપતી વનસ્પતિઓ પર સંશોધન કરવા માટે ભવ્યએ કયા પ્રકારના જંગલોની મુલાકાત લેવી પડશે ?

(A) ઉષ્ણકટિબંધીય બારેમાસ લીલાં જંગલો

(B) ઉષ્ણકટિબંધીય ખરાઉ જંગલો

(C) સમશીતોષ્ણ ખરાઉ જંગલો

(D) સમશીતોષ્ણ બારેમાસ લીલાં જંગલો

(167) વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત સંદર્ભે કઈ બાબત સાચી નથી ?

1. તેની ઉંમર 21 કે તેથી વધુ હોવી જોઈએ.

2. તે નાદાર ન હોવો જોઈએ.

3. તે સરકારી સંસ્થામાં સવેતન હોદ્દો ધરાવતો હોવો જોઈએ.

4. તે અસ્થિર મગજનો કે સજા પામેલ ગુનેગાર ન હોવો જોઈએ.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3 અને 4

(C) માત્ર 2 અને 4 (D) માત્ર 1 અને 3

(168) ભારતમાં સનદી સેવાઓની શરૂઆત કરવાનો શ્રેય કયા ગર્વનર જનરલને જાય છે ?
(A) રોબર્ટ ક્લાઈવ
(B) વોરન હેસ્ટિંગ્સ
(C) કોર્નવોલિસ
(D) વેલેસ્લી

(169) યુરોપના ગ્રીનલેન્ડમાંથી મળી આવતા ક્રાયોલાઈટ ખનિજનો સમાવેશ કયા પ્રકારના સંસાધનોમાં થાય છે ?
(A) એકલ સંસાધન
(B) સામાન્ય સુલભ સંસાધન
(C) વિરલ સંસાધન
(D) સર્વ સુલભ સંસાધન

(170) ભારતમાં આવેલ ખનિજ તેલના મુખ્ય ઉત્પાદક ક્ષેત્રોમાં કોનો કોનો સમાવેશ થાય છે ?
(A) પશ્ચિમ બંગાળના 'રાણીગંજ' અને ઝારખંડમાં 'બોકારો'
(B) કચ્છમાં 'પ્રાનધ્રો' અને આણંદમાં 'લૂણેજ'
(C) અસમમાં 'દિગ્બોઈ' અને મુંબઈમાં 'બૉમ્બે હાઈ'
(D) ખંભાતબેસીન અને કૃષ્ણા-ગોદાવરી મુખત્રિકોણ પ્રદેશ

(171) અંગ્રેજોના શાસનકાળમાં ભારતમાં કૂલટી, બુરહાનપુર અને ભદ્રાવતીમાં કયા ઉદ્યોગના કારખાના શરૂ કરવામાં આવ્યા હતા ?
(A) કાપડ ઉદ્યોગ
(B) લોખંડ - પોલાદ ઉદ્યોગ
(C) રસાયણ ઉદ્યોગ
(D) જહાજ બાંધવાનો ઉદ્યોગ

(172) 'આંધ્રના ભોજ' તરીકે કોને ઓળખવામાં આવે છે ?
(A) કૃષ્ણદેવરાય
(B) હરિહરરાય
(C) નરસિંહવર્મન
(D) પુલકેશી-બીજો

(173) 'કાળા પેગોડા' તરીકે ઓળખાતું રથમંદિર કયા રાજ્યમાં આવેલું છે ?
(A) મહારાષ્ટ્ર
(B) ઓડિશા
(C) મધ્યપ્રદેશ
(D) તમિલનાડુ

(174) અગ્નિકૃત ખડક : બેસાલ્ટ : : જળકૃત ખડક : ...............
(A) ગ્રેનાઈટ
(B) સ્લેટ
(C) રેતાળ પથ્થર
(D) આરસપહાણ

(175) નીચેનામાંથી કયું મોસમી પવનોનું ઉદાહરણ છે ?
(A) વ્યાપારી પવનો
(B) નૈઋત્યના પવનો
(C) લુ
(D) ધ્રુવીય પવનો

(176)  આ સંકેત શું દર્શાવે છે ?

(A) જમણી બાજુ વળવું નહીં
(B) નો યુટર્ન
(C) ડાબી બાજુ વળવું નહીં
(D) રાહદારી ક્રોસિંગ

(177) 'વિશ્વ ગ્રાહક દિન' ક્યારે ઉજવવામાં આવે છે.

(A) 15મી માર્ચ
(B) 23મી માર્ચ
(C) 26મી ઓક્ટોબર
(D) 24મી ડિસેમ્બર

(178) સ્ટોરેજ બેટરી બનાવવા કયું ખનિજ ઉપયોગી છે ?

(A) જસત
(B) સીસું
(C) અબરખ
(D) મેગેનીઝ

(179) નીચેનામાંથી કયું દુર્લભ સંસાધન છે ?

(A) ક્રાયોલાઇટ
(B) યુરેનિયમ
(C) ખનિજતેલ
(D) નાઈટ્રોજન

(180) ડચ : મસલીપટ્ટનમ : : ડેનિસ : ..............

(A) ફોર્ટ વિલિયમ
(B) પોંડિચેરી
(C) સીરામપુર
(D) બાલાસોર

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

રફ કામ માટેનું પેઈજ

રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.